જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૭/૦૯/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૬૩૪/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૬/૦૯/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૩૭	૨	૧૧૬૩૯	૧૭૭૪૮	૨	૧૭૭૫૦
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૦૮	૦	૧૦૮	૩૭૪	૦	૩૭૪
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૦૨૨૩	૧૨૪	૭૦૩૪૭	૭૧૧૮૦	૧૨૯	૭૧૩૦૯
કુલ		૮૬૭૦૧	૧૨૬	૮૬૮૨૭	૯૫૫૮૪	૧૩૧	૯૫૭૧૫

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૮૨	૪,૩૧,૩૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૨૫૯	૧૨,૫૯,૦૦૦/-

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૩૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૨૭૯ લીટર દેશી દારૂ, ૩૩૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૩૩૬ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ, ૧ કાર અને ૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૪,૨૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૬૩૬/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૨ વ્યક્તિની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૬૩૭/૨૦૨૧**

શહેરકોટડાઃ હરેશભાઇ ગોકુલદાસ નેભાણી (ઉ.વ.૪૧)(રહે.શીલાલેખ એપાર્ટમેન્ટ શાહીબાગ) એ તા.૦૬/૦૯/૨૦૨૧ ના રોજ શહેરકોટડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે હરેશભાઇ નેભાણી નરોડા રોડ ફુટ માર્કેટ ખાતે ફુટનો હોલસેલ ધંધો કરતા હોઈ તા.૨૦/૦૮/૨૦૨૦ ના રોજ મહારાષ્ટ્ર ઓરંગાબાદ "અજય એન્ટરપ્રાઇઝ" ના માલિક ધનંજય પવારએ હરેશભાઇને ફોન કરી ૨૩૮ પેટી સફરજનનો ઓર્ડર આપી ગાડીનુ ભાડુ તેમજ સફરજનના નાણા ગાડીના ડ્રાયવર સાથે મોકલી આપવાનુ જણાવતા હરેશભાઈએ સફરજનની ૨૩૮ પેટી કિમત રૂપિયા ૬,૩૩,૦૦૦/- મોકલી આપતા સફરજન મેળવી લઈ આજદીન સુધી સફરજનના નાણાં કે ગાડીનુ ભાડું નહી આપી વિશ્વાસઘાત અને છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.ચૌધરી ચલાવે છે.

ચોરીઃ- **સમાચાર યાદી નં.૧૬૩૮/૨૦૨૧**

મણિનગરઃ હરચંદરામ રામારામ ગોદારા (ઉ.વ.૩૧)(રહે.ગલી નંબર-૨ ડીફેન્સ કોલોની એસ.ડી.એમ કોલેજ પાસે બલદેવનગર રાજસ્થાન) એ તા.૦૬/૦૯/૨૦૨૧ ના રોજ મણિનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૬/૦૮/૨૦૨૧ કલાક ૬/૩૦ થી ૯/૪૫ વાગ્યા દરમ્યાન નમસ્તે સર્કલથી ગીતામંદીર એસ.ટી.બસ સ્ટેન્ડ સુધીની રીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષામાં બેઠેલ ત્રણ વ્યક્તિઓએ રીક્ષાના ચાલકની મદદગારીથી હરચંદરામની નજર ચુકવી બેગમાંથી રોકડ રૂપિયા ૩,૫૦,૦૦૦/- ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.ગૌસ્વામી ચલાવે છે.

પાલડીઃ સંગીતાબહેન વા/ઓ કેતનભાઇ શાહ (રહે.ચંદનબાલા એપાર્ટમેન્ટ સુવિધા ચાર રસ્તા પાસે પાલડી) એ તા.૦૬/૦૯/૨૦૨૧ ના રોજ પાલડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૯/૦૮/૨૦૨૧ કલાક ૯/૦૦ થી તા.૩૧/૦૮/૨૦૨૧ કલાક ૯/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન સંગીતાબહેનના ઘરે બાથરૂમનુ રીનોવેશન મજુરી કામ માટે બોલાવેલ આરોપી વિષ્ણૂ (રહે.સરદારનગર) મકાનના રૂમના લાકડાના કબાટમાંથી સોનાની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, સોના અને પ્લેટીનીયમ ધાતુની ચેઇન પેડલ સાથે કિમત રૂપિયા ૨૦,૦૦૦/-, સોનાની બુટ્ટી નંગ-૨ કિમત રૂપિયા ૨૩,૦૦૦/- અને સોનાનુ નેકલેસ કિમત રૂપિયા ૨૩,૦૦૦/- મળી કુલ રૂપિયા ૮૬,૦૦૦/- ચોરી કરી લઇ ગયો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.જે.કરપડા ચલાવે છે.

<u>સાતમા માળથી પડી જતા મૃત્યુઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૬૩૯/૨૦૨૧</u>**

નારોલઃ નારોલ કર્ણાવતી-૫ ફ્લેટ ભમરીયા કુવા પાસે ફ્લેટના સાતમા માળે સેંટીંગનું કામ કરતા અશ્વીનભાઇ બળવંતભાઇ ચૌહાણ (ઉ.વ.૨૦) (મુળ વતન. ગામ-નિશાર ફળીયુ કુનલી તા-લીમખેડા જી-દાહોદ) તા.૦૬/૦૯/૨૦૨૧ કલાક ૧૨/૦૦ વાગ્યાના સુમારે ફ્લેટના સાતમા માળે સેંટીંગનું કામ કરતા હતા ત્યારે સાતમાં માળથી પડી જતા ગંભીર ઈજાઓ થતા સારવાર માટે તેમને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન બપોરના ૩/૦૦ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુ. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગેલાભાઇ ભોપાભાઇ ચલાવે છે.

<u>આત્મહત્યા:-</u> **<u>સમાચાર યાદી નં.૧૬૪૦/૨૦૨૧</u>**

પાલડીઃ ઇશ્વર ટીલાજી પ્રજાપતિ (ઉ.વ.૨૩) (રહે. શાલીમાર કોમ્પલેક્ષ મહાલક્ષ્મી પાંચ રસ્તા પાલડી) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૯/૨૦૨૧ સવારના ૯/૫૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે પાલડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી પ્રકાશસિંહ બબજી ચલાવે છે.

સરખેજઃ સચિન સ/ઓ ખુશીરામ સરોજ (ઉ.વ.૨૧) (રહે.બ્લોક-૧૫ શીલજ પારીજાત ઔડાના મકાનમાં આંબલી) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૯/૨૦૨૧ સાંજના ૬/૦૦ વાગ્યા પહેલા પોતાના ઘરે છતના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સંજયસિંહ ઘનશ્યામસિંહ ચલાવે છે.

સરદારનગરઃ અમિત સ/ઓ મનોજભાઇ સુંચુ (ઉ.વ.૨૨) (રહે. વાલ્મીકી આવાસ યોજના નોબલનગર સરદારનગર) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૯/૨૦૨૧ બપોરના ૪/૩૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરદારનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી કમલેશકુમાર પ્રવિણચંદ્ર ચલાવે છે.

રામોલઃ વિશાલ રાજેશભાઇ પ્રજાપતી (ઉ.વ.૨૩) (રહે. પ્રયોશા પેરેડાઇઝ મારૂતી સુઝુકી શો-રૂમ પાછળ વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૦૬/૦૯/૨૦૨૧ સાજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બારીના સળીયા સાથે દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી મણીલાલ ચંદુભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી